# પ્રાંતિજ બેઠક પર ગજેન્દ્રસિંહને વિજયી બનાવવા મહિલા મોરચામાં ભારે ઉત્સાહ

તલોદ, તા ૧૯
પ્રાંતિજ વિધાનસભા બેઠકના જનસેવી ધારાસભ્ય મહિલા મોરચા ની ટીમ પણ તેઓના પ્રવાસ ની સાથે જોડાઈ ગ્રામ્ય વિસ્તારમાં ગજેન્દ્ર સિંહ



ગજેન્દ્ર સિંહ પરમાર ની પુનઃ પસંદગી થતાં કાર્યકરો ટેકેદારો માં અનેરો ખુશીનો માહોલ જોવા મળે છે જેમાં ખાસ કરીને આ વખતે પરમાર દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યો ના કામોની ગાથા રજૂ કરી તેઓની તરફેણ માં મતદાન કરવા માટે અપીલ કરી રહ્યા છે આ ટીમ માં તલોદ તાલુકાના ભાજપ મહિલા મોરચા ના પ્રમુખ જીજ્ઞા બેન મહેતા મહામંત્રી મિકિતા પટેલ, તલોદ શહેર ભાજપ મહિલા મોરચા ના પ્રમુખ શ્રીમતી રચના બેન ગાંધી,ઉપપ્રમુખ વસુમતી શાહ, તલોદ ટાઉન પ્લાનિંગ કમિટી ના ચેરમેન દીપા બેન, પ્રાંતિજ શહેર ભાજપ મહિલા મોરચા ના પ્રમુખ જીજ્ઞાબેન સોની, પ્રભારી ગીતાબેન પટેલ સહીત મોટી સંખ્યામાં મહિલા મોરચા ની બાહેનો પ્રચાર કાર્ય માં જોતરાઈ ગયા છે

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ બીજા તબક્કામાં આગામી પાંચ ડિસેમ્બરે યોજાનાર ચૂંટણી માં ઉમેદવાર ના પ્રચાર કાર્ય માં તલોદ પ્રાંતિજ વિધાનસભા ના મહીલા મોરચા ની ટીમ આજે મહિલા મોરચા ની ટીમ સીતવાડા જિલ્લા પંચાયત સીટ માં આવતા ગામો કરોલ,બોભા તાજપુર કુઈ ઓરણ અનવર્પુરા લીમલા જેવા મજરા,સીતવાડા જેવા ગામો માં પ્રચાર કાર્ય માં સ્વયંભૂ જોડાયા હતા અને ભાજપ ના ઉમેદવાર ગજેન્દ્ર સિંહ પરમાર ને પચાસ હજાર જેટલા મતો થી વિજયી બનશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો શનિવાર ના આજના પ્રચારમાં તાજેતરમાં જ ભાજપ માં જોડાયેલ પુર્વ ધારાસભ્ય તલોદ પ્રાંતિજ શહેર તાલુકાના પદાધિકારીઓ તલોદ નગરપાલિકા ના પ્રમુખ પ્રકાશ સિહ ઝાલા ઉપપ્રમુખ ઋતુલ પટેલ અગ્રણી રાકેશ ભાઈ શાહ સહીત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાઈ ગજેન્દ્રસિંહ પરમાર ના પ્રચાર કાર્ય માં જોતરાઈ ગયા છે અત્રે નોંધનીય છે કે પ્રાંતિજ બેઠક પર ત્રિપાંખિયો જંગ જામ્યો છે પરંતુ આ બેઠક પર ભાજપ મેદાન મારશે એ સુનિશ્ચિત થઈ ગયું છે

## ઈડર ખાતે આવેલ પાવાપુરી જૈન તીર્થ ખાતે ભવ્ય પારણાં યોજાશે



તલોદ, તા. ૧૯
સાબરકાંઠા જીલ્લા ના સુપ્રસિધ્ધ જૈન તીર્થ શ્રી પાવાપુરી મહાતીર્થ મધ્યે પુજ્ય આચાર્યદેવ શ્રી કલ્યાણ સાગર સુરીજી મહારાજ સાહેબ ના શિષ્ય રત્ન તપસ્વી પુજ્ય રાજતિલક સાગર સૂરીજી રાજા મહારાજ સાહેબ પૂજ્યા શ્રી માસી મ. સા. આદીની શુભ નીશ્રા માં આગામી તારીખ ૨૭/૧૧/૨૨ ને રવિવાર ના રોજ સવારે ૮.૧૫ કલાકે ભવ્યતમ પારણાં નો કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ છે જેમા શ્રી નમસ્કાર મહામંત્ર પૂજન સવારે ૯.૧૫ વાગે રાખેલ છે તો સમસ્ત ગુરુભક્ત ગણ શ્રી એ સમયસર પાવાપુરી જલમંદિર ઈડર ખાતે ઉપસ્થિત રહેવા માટે પાવાપુરી જૈન મંદિર ના વ્યવસ્થાપક પ્રવીણ ભાઈ દ્વારા એક નિવેદન માં જણાવ્યું છે.

# બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપના ઉમેદવાર ભીખીબેન પરમારને ગામે ગામ વ્યાપક આવકાર

## ભાજપે મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારતાં મહિલા મતદારોમાં ખુશાલી





બાયડ તા.૧૯
બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપના ઉમેદવાર ભીખીબેન ગીરવતસિંહ પરમારને બાયડ અને માલપુર તાલુકાના મતક્ષેત્રના તમામ ગામોમાં ચૂંટણી પ્રચાર દરમ્યાન વ્યાપક આવકાર મળી રહ્યો છે. અનેક ગામોમાં કુમ કુમ તિલક અને શ્રીફળ આપી ભાજપના ઉમેદવારનું વાજતે ગાજતે સ્વાગત થઈ રહ્યું છે. વિધાનસભાના ૬૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર મહિલા ઉમેદવારને મુખ્ય રાજકીય પક્ષે મેદાનમાં ઉતારતાં ખાસ કરીને મહિલા મતદારોમાં પણ સૌથી વધુ ખુશાલી જોવા મળી રહી છે. પ્રાપ્ર જાણકારી અનુસાર બાયડ વિધાનસભાનો ચૂંટણી જંગ ખરાખરીનો બની રહ્યો છે. સોમવારે બપોરે ચૂંટણી અંગેનું ચિત્ર સ્પષ્ટ થશે પરંતુ મુખ્ય સ્પર્ધા ભાજપ, કોંગ્રેસ અને આમઆદમી પાર્ટીના ઉમેદવાર વચ્ચે રહેશે. જ્યારે ભાજપે ટીકીટ ન આપતાં નારાજ થયેલા પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ અપક્ષ ઝંપલાવ્યું છે પરંતુ તેમને સમજાવવાના પ્રયાસો સફળ નહીં થાય તો બાયડ વિધાનસભા વિસ્તારમાં ચતુષ્કોણીય જંગ નિશ્ચિત બન્યો છે. આ સંજોગોમાં દરેક ઉમેદવારના ચૂંટણી જીતવાના ગણિત ખોરવાઈ શકે છે. બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપે પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમારને મેદાનમાં ઉતાર્યા પછી ભૂંડાસણ, તેનપુર, વાસણી, ઉંટરડા, આંબલિયારા, અમિયાપુર, જીતપુર, ડાભા સહિતના અનેક ગામોના ચૂંટણી પ્રવાસ દરમ્યાન વ્યાપક આવકાર મળી રહ્યો છે. ધારાસભ્યના ઉમેદવાર ભીખીબેન પરમારે ભાજપ દ્વારા કોરોના સમયમાં પરિવારના તમામ સભ્યોને મફત રસીકરણ, એન.એફ.એસ.એ. યોજના હેઠળ મફત અનાજ સહિત અનેક આરોગ્ય વિષયક સવલતો પ્રજાને આપી છે. ભાજપના દરેક કાર્યકરોએ કોરોના વખતે પ્રજાની વચ્ચે રહીને કામ કર્યું છે જેથી બાયડ વિધાનસભા મતક્ષેત્રના મતદારો કમળ ખીલવીને ગાંધીનગર મોકલશે તેમ જણાવ્યું હતું. બાયડ ઉપરાંત માલપુર વિધાનસભા મતક્ષેત્રના પણ ગામોમાં ભાજપના ઉમેદવારને પ્રચંડ આવકારથી વિપક્ષના અનેક કાર્યકરોમાં હલચલ મચી ગયાનું જાણવા મળ્યું છે.

# બનાસકાંઠા નવ વિધાનસભા બેઠકો પર ૮૮ ઉમેદવારી પત્રો રદ : નવ બેઠક પર ૧૩૩ માંથી ૧૦૫ ઉમેદવારોના નામાંકન પત્રો માન્ય રખાયા

પાલનપુર તા.૧૯
બનાસકાંઠા જિલ્લામાં વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવારી પત્રોની ચકાસણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં ૧૩૩ ઉમેદવારોના ૧૯૩ ઉમેદવારી પત્રોમાંથી ૮૮ ઉમેદવારી પત્રો રદ કરવામાં આવ્યા છે. અને ૧૦૫ ઉમેદવારના ફોમ માન્ય રાખવામાં આવ્યા છે જોકે ડમી અને ડબલ ફોમ અમાન્ય રાખવામાં આવ્યા હતા. બનાસકાંઠા જિલ્લામાં નવ વિધાનસભા બેઠક ની ચૂંટણીમા ૧૯૩ ઉમેદવારી પત્રો ભરાયા હતા. આ ઉમેદવારી પત્રોની ચકાસણીમાં વાવ બેઠક પર ૧૫ ફોમ માંથી માન્ય સાત ફોમ માન્ય રાખયા અને આઠ ફોમ રદ કરાયા છે. થરાદમાં ૨૫ ફોમમાંથી ૭ ફોમ રદ કરી ૧૮ ફોમ માન્ય રહ્યા ધાનેરામાં ૨૭ ફોમ પૈકીના ૧૩ ફોમ અમાન્ય અને ૧૪ ફોમ માન્ય રખાયા છે. દાંતા બેઠક પર ૧૨ ફોમ માંથી ૫ ફોમ માન્ય અને ૭ ફોમ રદ થયા છે. વડગામ બેઠક પર ૨૧ માંથી ૧૨ ફોમ માન્ય રહ્યા છે. અને ૯ ફોમ અમાન્ય, પાલનપુર બેઠક પર ૩૦ ફોમ માંથી ૧૬ ફોમ રદ અને ૧૬ ફોમ માન્ય, ડીસામાં ૨૪ ફોમમાં થી ૧૫ માન્ય અને ૯ ફોમ રદ કરાયા છે. દિયોદરમાં ૧૯ ફોમમાંથી ૧૧ ઉમેદવારી પત્રો માન્ય અને ૮ અમાન્ય ઠર્યા હતા .તેમજ કાંકરેજ બેઠક પર ૨૦ ફોમ માંથી ૯ ફોમ માન્ય અને ૧૧ ફોમ અમાન્ય ઠર્યા હતા જોકે જિલ્લા ની નવ બેઠક પર ૧૩૩ ઉમેદવાર ના ૧૯૩ ફોમ માંથી ૧૦૫ ફોમ માન્ય રહ્યા છે. જ્યારે બાકીના ૮૮ ઉમેદવારી પત્રો રદ કરવામાં આવ્યા છે.

| કઈ બેઠક પર કેટલા ફોમ રદ થયા | |
|---|---|
| વાવ | ૦૮ |
| થરાદ | ૦૭ |
| ધાનેરા | ૧૩ |
| દાંતા | ૦૭ |
| વડગામ | ૦૯ |
| પાલનપુર | ૧૬ |
| ડીસા | ૦૯ |
| દીયોદર | ૦૮ |
| કાંકરેજ | ૧૧ |
| કુલ | ૮૮ |

# હિંમતનગર અને પ્રાંતિજ વિધાનસભા મતદાર વિભાગમાં ચૂંટણીલક્ષી ફરિયાદ હોય તો જનરલ નિરીક્ષક દેબાશિસ દાસને કરી શકાશે

હિંમતનગર,તા. ૧૯
ભારતના ચૂંટણી પંચ દ્વારા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભા મતવિસ્તાર જનરલ નિરીક્ષકો ની નિમણૂક કરાઈ છે. જેમાં ૨૭ હિંમતનગર અને ૩૩ પ્રાંતિજ વિધાનસભા મતવિસ્તાર માટે શ્રી દેબાશીસ દાસ (આઈ.એ.એસ)ની જનરલ નિરીક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી છે.

હિંમતનગર વિધાનસભા મતવિસ્તાર લગતી ફરીયાદ માટે શ્રી દાસને બહુમાળી ભવન, એ બ્લોક- રૂમ નંબર ૧૧૨ પહેલો માળ, હિંમતનગર ખાતે બપોરે ૨:૦૦ થી ૩:૦૦ દરમિયાન જાહેર જનતા, રાજકીય પક્ષો તથા તેમના પ્રતિનિધિઓ, ઉમેદવારો, મતદારોને કામકાજના દિવસો દરમિયાન રજૂઆત કરી શકાશે. તેમજ તેમના મોબાઈલ નંબર ૬૩૫૨૫૨૪૦૧૪ ટેલીફોન નંબર ૦૨૭૭૨ ૨૯૯૦૨૬ પર સંપર્ક કરી શકાશે.

પ્રાંતિજ વિધાનસભા મતવિસ્તાર લગતી ફરીયાદ માટે મામલતદાર ની ચેમ્બર, બ્લોક એ-૧, તાલુકા સેવાસદન,પ્રાંતિજ ખાતે બપોરે ૧૧:૦૦ થી ૧૨:૦૦ દરમિયાન રૂબરૂ મળી શકશે.

# તાપમાનનો પારો ગગડવા લાગ્યો, રેકોર્ડબ્રેક ઠંડી પડવાની દહેશત : ભિલોડા તાલુકામાં ઠંડીનો ચમકારો વધ્યો

ભિલોડા, તા.૧૯
ગુજરાત વિધાન સભાની ચુંટણી દરમિયાન રાજકીય ઉમેદવારો અને સમર્થકો

## ઘઉંનુ મબલખ ઉત્પાદન થશે

જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે.ફુલ ગલાબી ઠંડીના માહોલ વચ્ચે રાજકીય ગરમાવો વધવાની સાથે - સાથે એકાએક ઠંડીનો ચમકારો વધતા જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે.વાઈરલ બીમારીઓનું પ્રમાણ એકા-એક વધ્યું છે.દવાખાનાઓમાં દર્દીઓનો ધસારો જોવા મળે છે. ઉત્તર ભારતમાં હિમવર્ષા થયેલ હોય જેના કારણે ઠંડીનો ચમકારો તેજગતિએ વધ્યો છે.આગામી સમયમાં રેકોર્ડબ્રેક ઠંડી પડવાની શરૂઆત થશે તેવી દહેશત સેવાઈ રહી છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં તાપમાનનો પારો એકા-એક ગગડવા લાગ્યો છે.આગામી સમયમાં ઠંડીનો પારો વધશે તેમ જાણવા મળેલ છે.ગાત્રો થીજવતી ઠંડીનું પ્રમાણ વધશે ત્યારે અબોલા પશુ - પંખીઓની દયનિય હાલત સર્જાશે... ચોમાસા દરમિયાન સાર્વત્રિક મેધ-મહેર દરમિયાન ભુગર્ભ જળની સપાટી ઉપર આવતા આ વર્ષે ધઉંનું મબલખ વાવેતર થશે સાથે - સાથે ઉત્પાદન વધશે તેમ ખેડૂતોએ જણાવ્યું



હતું.ખેડૂતો ધઉંના વાવણીકાર્યમાં પુરજોશમાં જોડાયા છે.ડિસેમ્બર માસની શરૂઆતમાં ઠંડીનો પારો વધુ નીચે જશે,હવામાન શુષ્ક રહેશે,ખેત પેદાશોનું મબલખ ઉત્પાદન થશે તેમ ખેડૂતોએ જણાવ્યું હતું.

ઉપર આભ અને નીચે ધરતીના સહારે જીવન નિર્વાહ ગુજારતા શ્રમજીવી પરિવારોની દયનિય હાલત સર્જાઈ છે.ઠંડીથી રક્ષણ મેળવવા તાપણાનો સહારો મેળવી લઈ રહ્યા છે.જ્યારે અન્ય લોકો ગરમ વસ્ત્રો શોધવા લાગ્યા છે. મોંધવારીનું ગ્રહણ :- ગરમ ધાબડા,સ્વેટર,ટોપી,મફલર સહિત અન્ય ગરમ વસ્ત્રોના ભાવ આસમાને પહોંચ્યા છે.

અવનવા આકર્ષક રંગ-બેરંગી ગરમ વસ્ત્રોનું બજારોમાં ઠેર - ઠેર આગમન થઈ ગયું છે.ગરમ વસ્ત્રોનું ધુમ વેચાણ થઈ રહ્યું છે.

# પ્રાંતિજના તાજપુર નજીક કાર પલ્ટી ખાઈ ગઈ




પ્રાંતિજ તા.૧૭
સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના તાજપુર પાસે કાર પલ્ટીખાઈ જતા કારમા સવાર ત્રણ ને ઈજાઓ પોહચતા ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા. પ્રાંતિજ તાલુકાના તાજપુર પાટીયા પાસે તાજપુર ગામના દશરથસિંહ કાનસિંહ રાઠોડ કે જેવો પોતાની અલ્ટોકાર લઈ ને તાજપુર થી ચિલોડા તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન અચાનક એક કૂતરો આવીજતા કૂતરા ને બચાવવા જતા કાર ચાલકે સ્ટેરીંગ ઉપર થી કાબુ ગુમાવતા કાર રોડ ની સાઈડ મા આવેલ ડિવાઈડર ઉપર ચડી જઈ ને પલ્ટીખાઈ ગઈ હતી તો કાર પલ્ટીખાઈ જતા આજુ બાજુ માંથી લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ ને ફોન કર્યો હતો તો કાર મા સવાર ત્રણ ને ઈજાઓ પોહચતા તેવોને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા.

# પાલનપુરમાં લડબી નાળા પાસે રોડ સાઈડમાં ગાબડું પડતા અકસ્માત સર્જાવાની દહેશત

## પાલનપુરથી ડીસા જતા મુખ્ય હાઇવે પર ગાબડાથી વાહન ચાલકો ત્રસ્ત

પાલનપુર તા. ૧૯
બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુર થી ડીસા જતા મુખ્ય હાઈવે પર લડબી નાળા પાસે રોડ સાઈડમાં ગાબડું પડ્યું હોય આ માર્ગે પસાર થતા વાહન ચાલકોમાં સતત અકસ્માત સર્જાવાની દહેશત વર્તાઈ રહી છે જોકે આ ગાબડા અંગે જાગૃત નાગરિકો દ્વારા હાઈવે ઓથોરિટી ને જાણ કરવામાં આવી હોવા છતાં કોઈ જ પ્રકારની દરકાર લેવામાં ન આવતા લોકોમાં રોષ છવાયો છે.

પાલનપુરના ડીસા હાઈવે પર લડબી નાળા પાસે છેલ્લા કેટલાય સમયમાં રોડ સાઈડમાં મોટું ગાબડું પડવા થી અહીં લગાવવામાં આવેલ લોખન્ડની ઈંગલો પણ ખાડામાં ખુંપી જવા પામી છે જેને લઈ આ માર્ગે પસાર થતા વાહન ચાલકોમાં આ ગાબડા ને લઈ સતત અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો છે જોકે આ અંગે ગઢના જાગૃત નાગરિક દેવાભાઈ સાળવી દ્વારા આ હાઈવે પર પડેલા ગાબડાનું સમાર કામ કરાવવા અંગે પાલનપુર હાઈવે ઓથોરેટી ની અનેક વાર મૌખિક રજૂઆતો કરવામાં આવી છે . તેમ છતાં ભયજનક ગાબડાં નું સમાર કામ કરવા માં ન આવતા અકસ્માત સર્જાવાની દહેશત વર્તાઈ રહી છે ત્યારે નેશનલ હાઈવે પર નું આ ગાબડું કોઈ અનહોનીનું કારણભૂત બને તે પહેલાં જવાબદાર હાઈવે ઓથોરેટી આ મામલે ગંભીરતા દાખવે તે અતિ જરૂરી બન્યું છે.

## ભિલોડા તાલુકાના જનાલી ગામના સરકારી દવાખાનાનો વિવાદ અને સળગતો પ્રશ્ન

# મંજુર થયેલ દવાખાનું બાંધવાની સરકારી જમીનમાં દવાખાનાની જમીન મંજુર કરવા છતા બાંધકામ ન કરાતા જાગૃત ગ્રામજનો દ્વારા ચૂંટણી બહિષ્કારની ગર્ભિત ચીમકી ઉચ્ચારી

## વહીવટીતંત્ર અને રાજકીય નેતાઓની દોડધામ વધશે

ભિલોડા,તા.૧૯
અરવલ્લી જીલ્લા આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ભિલોડા તાલુકાના જનાલી ગામ સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારના ગરીબ અને પછાત વર્ગના લોકોને આરોગ્ય સુવિધાનો લાભ મળી શકે તેવા અશયથી વર્ષ - ૨૦૧૫ માં જનાલી ગામમાં P.H.C સરકારી ધ્વાખાનાની મંજુરી આપવામાં આવી હતી.ગ્રામ પંચાયત દ્વારા બહુમતીથી ઠરાવ કરી જીલ્લા પંચાયતને સુપરત કરવામાં આવેલો હતો.જનાલી ગામમાં મંજુર થયેલ દવાખાનાની જગ્યાનું બાંધકામ શરૂ ન કરાતા ગ્રામજનોએ તંત્રમાં વારંવાર રજૂઆતો કરવા કામગીરી ન કરાતા જાગૃત ગ્રામજનોએ એકત્ર થઈ અચોક્કસ મુદતની ભૂખ હડતાલ પર બેસી તંત્રનો વિરોધ નોંધાવ્યો હતો.આજ દિન સુધી મકાનનું બાંધકામ શરૂ ન કરાતા ગ્રામજનો દ્વારા આગામી વિધાન સભાની ચૂંટણીનો બહિષ્કાર કરી બેનર લગાવી જોરશોરથી વિરોધ કર્યો હતો.

જીલ્લા આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ભિલોડા તાલુકાના જનાલી અને આસપાસના ગરીબ અને પછાત વર્ગ માટે લોકોને આરોગ્ય સુવિધાનો લાભ મળી શકે તેવા ઉમદા અશયથી જનાલીઁ.ૐ.ઝ સરકારી ધ્વાખાનાની મંજુરી આપવામાં આવી હતી.

ગ્રામ પંચાયત દ્વારા બહુમતીથી ઠરાવ કરી જીલ્લા પંચાયતને સુપરત કરવામાં આવેલો હતો પરંતુ જનાલી ગામમાં મંજુર થયેલ દવાખાનાની જગ્યા પ્રથમ આરોગ્ય વિભાગ દ્વારા ગામતળની જમીનમાં આજુબાજુ વસવાટ કરતા કેટલાક લોકો દ્વારા આ જગ્યામાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યુ હતું.ગ્રામ પંચાયત દ્વારા આ દબાણને ખુલ્લુ કરવામાં આવ્યુ હતું.દબાણ ખુલ્લુ થતા દવાખાનાના બાંધકામ માટે ૨૫૦૦ ચો.મી જમીન જનાલી ગામ પાસે ગામતળની જમીન ખુલ્લી હોવાથી આરોગ્ય વિભાગે સરકારી રેકર્ડ ઉપર લઈ જનાલી હેલ્થ સેંટર ના મેડિકલ ઓફીસરને સર્કલે કબજો સુપરત કરેલ હતી. જનાલી ગામની ગામતળની જમીન પાસે હોવા છતાં દવાખાનાની મંજુર થયેલ જમીનની આસપાસ વસવાટ કરતા લોકોએ આરોગ્યના નામે થયેલ જમીનમાં ધાર્મિકતાનો મુદ્દો આગળ લાવી રાજકીય મુદ્દો ઉભો કરી ગરીબ અને પછાત વર્ગના લોકોની સુવિધાનો લાભ છીનવાઈ ન જાય તેવા ઉમદા અશયથી ગ્રામજનો લોક કલ્યાણ હિતાર્થે એક સંપ થઈ જે તે સમયે દવાખાના આગળ ભુખ હડતાલ ઉપર ઉતરી વિરોધ કર્યો હતો.

દવાખાનાની જમીન પર બાંધકામ શરૂ નહીં કરાય તો આવનારી ચુંટણીનો બહિષ્કાર કરવાની ગર્ભિત ચિમકી ઉચ્ચારી હતી.જનાલી ગ્રામજનોએ આવનારી વિધાન સભાની ચૂંટણીમાં મતદાન નહિ કરવાનો નિર્ણય કર્યો છે.જનાલી ગામના બાબુભાઈ પટેલ,રામભાઈ પટેલ સહિત જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું.

# બનાસકાંઠામાં પરપ્રાંતીય મહિલાના તેના સગા ભાઈએ અન્યત્ર લગ્ન કરવાની કરી પેરવી

## ૧૮૧ અભિયમની મદદ લઇ યુવતી પતિ પાસે પહોંચી

પાલનપુર તા.૧૯
બનાસકાંઠા જિલ્લાના એક ગામમાં ભાગીયા તરીકે ખેતમજૂરી કરતા પરપ્રાંતીય પરિવારની બે સંતાનની જનેતાને તેના સગાએ કપડા અને મોબાઈલ લઈ આપવાની લાલચ આપી તેને અન્ય ગામમાં લઈ જઈ તેના એક યુવક સાથે લગ્ન કરવા અઢી લાખ રૂપિયા માં સોદો કરતા આ મહિલાએ ૧૮૧ મહિલા અભયમ ની મદદ લઈ પોતાના પતિ પાસે પરત ફરી હતી.

બનાસકાંઠા જિલ્લાના એક ગામના ખેડૂતના ખેતરમાં ભાગીયા તરીકે ખેતમજૂરી કરતા પરપ્રાંતના એક ગરીબ પરિવારની મહિલા તેના બે સંતાન અને પતિ સાથે જીવન નિર્વાહ ચલાવી રહી હતી. દરમિયાન તેમના ત્યાં તેમના ત્યાં એક સગા આવ્યા હતા અને આ મહિલાને તેના ભાઈએ મોબાઈલ અને કપડા લઈ આપવાનું કહ્યું હોવાનું જણાવતા મહિલા લાલચ માં આવી જતા તેના સગા સાથે મહિલાને અન્ય ગામમાં કપડા અને મોબાઈલ લેવા ગઈ હતી. જયા તેના સગાએ આ મહિલાનો અન્ય એક શખ્સ સાથે લગ્ન કરાવવા માટે રૂપિયા અઢી લાખમા સોદો નક્કી કર્યા હતો.

જોકે પોતાના સગાએ તેની જાણ બહાર તેના અન્ય યુવક સાથે બીજા લગ્ન કરવા સોદા કર્યો હોવાની મહિલાને જાણ થતા તે હેબતાઈ ગઈ હતી. અને બીજા લગ્ન થી બચવા તેને સજાગતા દાખવી પોતાનો સોદો કરનાર સગાની નજર ચૂકવી ત્યાંથી ભાગીને બાજુના ગામમા પહોંચી હતી જયાંથી એક વ્યક્તિએ મહિલાને મદદરૂપ બનાવ બનાસકાંઠા ૧૮૧ અભિયમને કોલ કરતા મહિલા ૧૮૧ની ટીમને આપવીતી જણાવતા દોડી આવેલી અભયમની ટીમના કાઉન્સેલરે મહિલાને પાલનપુર પોલીસ મથકે લાવી તેના પતિને પરત સોંપી હતી.

### પરણીતાની સજાગતાથી તેના બીજા લગ્ન થતા અટક્યા

પતિ સાથે ખેતમજૂરી કરતી બે સંતાનની જનેતાને તેના સગાએ મોબાઈલ અને કપડાં લઈ આપવાની લાલચ આપતા મહિલા ભોળવાઈ ગઈ હતી અને સગા સાથે બીજા ગામમાં જઈ હતી. જ્યા તેના સગાએ અઢી લાખ માં તેના અન્ય યુવક સાથે લગ્ન નક્કી કર્યા હોવાનું માલુમ પડતા જ તેને સજાગતા દાખવી તેના સગાની જાણ બહાર ભાગી જઈ એક ઈસમની મદદથી ૧૮૧ અભયમ નો સહારો લઈ પોતાના પતિ પાસે પહોંચી હતી.